દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૭ ઓગસ્ટ, ૨૦૨૬

અદાલતોમાં AIના ઉપયોગમાં ગંભીર ભયસ્થાનો રહેલા છે

છેલ્લાં કેટલાક વર્ષોમાં, જનરેટિવ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એ હેલ્થકેરથી લઈને શિક્ષણ, મનોરંજનથી લઈને ફાઇનાન્સ અને કાયદા ક્ષેત્ર સુધીના ઘણા ઉદ્યોગોમાં નોંધપાત્ર ફેરફારો આપ્યા છે. પરંતુ કાયદાના કે અદાલતી ક્ષેત્રમાં એઆઇનો ઉપયોગ કરવામાં કેટલાક ગંભીર ભયસ્થાનો જણાઇ આવ્યા છે. વકીલ મહાશયો મહેનત ઓછી કરવી પડે તે આશયથી એઆઇનો ઉપયોગ કરવા માંડ્યા. એઆઇ વડે પિટિશનો તૈયાર કરવા માંડ્યા અને જવાબો તૈયાર કરવા માંડ્યા અને અને આ એઆઇ અદાલતી અરજીઓ અને રજૂઆતોમાં ચુકાદા ટાંકીને આપવા માંડી અને ઘણા કિસ્સાઓમાં પોલ પકડાઇ કે એઆઇ તો જેનું અસ્તિત્વ જ નહીં હોય તેવા કપોળકલ્પિત ચુકાદાઓ કે કિસ્સાઓ દલીલોના ટેકામાં ટાંકે છે! અદાલતી ચુકાદાઓમાં 'જનરેટિવ એઆઇ' (gen AI) નો ઉપયોગ ન્યાય પ્રક્રિયા માટે મોટા જોખમો ઉભા કરે છે. જ્યારે આ ટેક્નોલોજીને અદાલતોમાં લાવવામાં આવે છે ત્યારે કાલ્પનિક/ખોટી માહિતીથી ઉત્પન્ન થતા ભૂલભરેલા પરિણામો, ભેદભાવપૂર્ણ નિર્ણયો અને પારદર્શિતાનો અભાવ એ તમામ ચિંતાના વિષયો છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) દ્વારા તૈયાર કરાયેલા અસ્તિત્વમાં ન હોય તેવા, નકલી અને ભ્રામક ચુકાદાઓના ઉપયોગ સામે લાલ આંખ કરતા, સુપ્રીમ કોર્ટે હાલમાં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ના એક ચુકાદાને રદબાતલ ઠેરવ્યો હતો અને જણાવ્યું હતું કે અદાલતોએ AI-જનરેટેડ પૂર્વચુકાદાઓ ટાંકવા અથવા તેનો ઉપયોગ કરવા સામે શૂન્ય સહિષ્ણુતા દાખવવી જોઇએ. જસ્ટિસ પી. એસ. નરસિમ્હા અને આલોક અરાધેની ખંડપીઠે જણાવ્યું હતું કે, નકલી, અસ્તિત્વમાં ન હોય તેવી અને ભ્રામક સામગ્રીનું ઉત્પાદન અને કાયદામાં પૂર્વચુકાદા તરીકે તેનો ઉપયોગ, કાયદા અને ન્યાયના ક્ષેત્રમાં મિથાઇલ આઇસોસાયનાઇડ ગેસ છોડવા સમાન છે: જે અદ્રશ્ય, કપટી અને કોઇનું ધ્યાન જાય ત્યાં સુધીમાં તો વિનાશક સાબિત થાય છે. તે ન્યાયિક નિર્ણયની પ્રક્રિયાને માત્ર દૂષિત જ નથી કરતું, પરંતુ તેના મૂળ આત્માને જ છીનવી લે છે. જજોનો રોષ બિલકુલ વાજબી જ છે. એસેસલ ઇન્ફ્રાપ્રોજેક્ટ્સના નાદારીના કેસ પરના NCLT ના ચુકાદાને સુપ્રીમ કોર્ટે એ બાબતની નોંધ લીધા પછી રદ કર્યો હતો કે ટ્રિબ્યુનલે AI ટૂલ્સ દ્વારા જનરેટ કરાયેલા અસ્તિત્વમાં ન હોય તેવા, નકલી અને કાલ્પનિક ચુકાદાઓના પૂર્વઉદાહરણો પર ભરોસો મૂક્યો હતો. ચુકાદામાં જણાવાયું હતું કે, અદાલતો માટે એ જરૂરી છે કે તેઓ ચકાસણી કર્યા વિના AI-જનરેટેડ પૂર્વચુકાદાઓ રજૂ કરવા, ટાંકવા અથવા તેનો ઉપયોગને બિલકુલ પણ ચલાવી નહીં લે. ચકાસણી કર્યા વિના આવા ચુકાદાઓ ટાંકવા એ વકીલના પક્ષે ગેરવર્તણૂક છે. ખંડપીઠે જણાવ્યું હતું કે જો કોઇ ન્યાયાધીશ પોતાના નિર્ણયના સમર્થનમાં પૂર્વચુકાદા તરીકે આવી નકલી અથવા ભ્રામક AI-જનરેટેડ સામગ્રી પર આધાર રાખે છે, તો તે પણ એટલી જ ગંભીર બેદરકારી છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું કે, "અમને એ જાહેર કરવામાં કોઇ સંકોચ નથી કે આવો નિર્ણય કાયદાની નજરમાં કોઇ નિર્ણય જ નથી, પછી ભલે આવી સામગ્રીની નિર્ણય લેવાની પ્રક્રિયા પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસર પડી હોય કે ન પડી હોય. જો નિર્ણય લેવાની પ્રક્રિયામાં નકલી કે ભ્રામક સામગ્રીનો સહેજ પણ અંશ પ્રવેશે તો પણ આવા નિર્ણયોને રદ કરવા પાત્ર છે, કારણ કે તે ન્યાયિક પ્રક્રિયાની પવિત્રતાનું ઉલ્લંઘન કરે છે. સુપ્રીમ કોર્ટનું નિરીક્ષણ બિલકુલ યથાયોગ્ય છે. જેનું અસ્તિત્વ જ નહીં હોય તેવા ચુકાદાઓ અને ખોટી માહિતીઓના આધારે કોઇ અદાલત ચુકાદો આપે તે કેટલી ગંભીર બાબત છે. બેન્ચે યોગ્ય રીતે જ કહ્યું કે નિર્ણય લેવાની પ્રક્રિયામાં પ્રામાણિકતા અને અખંડિતતા જાળવવી અત્યંત જરૂરી છે. સુપ્રીમ કોર્ટે આવી સામગ્રી ટાંકવા, તેનો સંદર્ભ આપવા કે પછી તેના પર નિર્ભર રહેવા સામે ઝીરો-ટોલરન્સની વાત કરી છે અને આવું થવું જ જોઇએ. સાવ ગપગોળા જેવી વાતોના આધારે ચુકાદા કઇ રીતે આપી શકાય?

આજે એઆઇનો ઉપયોગ ઘણો વધ્યો છે અને તેનો લાભ વકીલો પણ ઉઠાવવાનો પ્રયાસ કરવા લાગ્યા. ઘણા વકીલો આળસના કારણે કે પછી અક્ષમતાને કારણે અરજી લખવામાં એઆઇની મદદ લેવા માંડ્યા. પરંતુ એઆઇની સૌથી મોટી મર્યાદા એ જણાઇ આવી છે કે તે પોતાને ખબર નહીં હોય તેવી વાત અંગે પણ એમ નથી કહેતી કે મને આ વાતની માહિતી નથી! તેના બદલે તે ઠોકાઠોક કરે છે. કોઇ વકીલ પોતાના અસીલ વતી પિટિશન તૈયાર કરે કે જવાબ તૈયાર કરે અને તેમાં એઆઇની મદદ લે તો એઆઇ આ અરજીમાં દલીલોના ટેકામાં સાવ કપોળ કલ્પિત, જે ક્યારેય કોઇ અદાલત દ્વારા અપાયા જ ન હોય તેવા ચુકાદાઓ ટાંકે છે! વકીલો જરાયે તપાસ કરવાની તસ્દી લીધા વિના આવી અરજી રજૂ કરી દે છે અને તેવી અરજીઓના આધારે કેટલાક ચુકાદા કે આદેશો તો અપાઇ પણ ગયા છે! આ સ્થિતિ સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરી તે યોગ્ય જ છે. જ્યાં સુધી એઆઇ પુરતી વિશ્વસનીય બને નહીં ત્યાં સુધી અદાલતી ક્ષેત્રમાં તેના આધારે અરજીઓ વગેરે તૈયાર કરવા પર પ્રતિબંધ જ મૂકી દેવામાં આવે તે જ યોગ્ય છે.

જીવન રેતીનું ઘડિયાળ

યુવાન નિહારે સ્ટાર્ટઅપ શરૂ કર્યું અને ધીમે ધીમે સફળતા પણ મળવા લાગી પણ નિહાર તેનાથી સંતુષ્ટ ન હતો. ઘણી વાર તે અકળાઇ ઊઠતો, ગુસ્સે થઇ જતો. નાના નાના કામમાં નાની-નાની ભૂલો હોય તો પણ તેને ન ગમતું. તેને જાણે એમ લાગતું કે તે દુનિયાથી પાછળ પડી રહ્યો છે. એક દિવસ તેના પપ્પા ઓફિસમાં મળવા આવ્યા હતા અને ત્યારે જ નિહાર તેના એકાઉન્ટન્ટને જોરજોરથી ખીજાતો હતો. પપ્પા અંદર આવ્યા અને એકાઉન્ટન્ટ માથું નીચું નાખીને બહાર નીકળી ગયો. નિહારે પપ્પાને બેસવા કહ્યું, કોફી મંગાવું કે ચા નિહારના પપ્પાએ કહ્યું, નિહાર પહેલાં તું બેસી જા અને પછી પપ્પાએ નિહારના ડેસ્ક પર પડેલું રેતીનું ઘડિયાળ હાથમાં લીધું

અને રેતીનું ઘડિયાળ તેમણે આમ થી આમ હલાવ્યું પછી નિહારને પૂછ્યું, ''આ શું છે?'' નિહાર પપ્પા આ રેતીનું ઘડિયાળ છે. તેના પપ્પાએ રેતીના ઘડિયાળને બહુ જોરજોરથી હલાવ્યું ,ઉપર નીચે કર્યું, આગળ પાછળ કર્યું... નિહારે કહ્યું, ''પપ્પા આ શું કરો છો?'' ત્યારે એના પપ્પાએ કહ્યું, ''નિહાર, આ ઘડિયાળમાંથી જે રેતી સરકીને નીચે આવી રહી છે મારે તેની ઝડપ વધારવી છે.''નિહાર બોલ્યો, ''પપ્પા, એમ ન થાય. આ રીતેના ઘડિયાળની બનાવટ જ એવી છે કે રેતી તેમાંથી ધીમે ધીમે સરકીને જ તેના નિયત સમયમાં જ ઉપરથી નીચે આવે.'' પપ્પાએ ટેબલ પર પોતાના હાથ પછાડ્યો અને રેતીનું ઘડિયાળ તેની જગ્યા પર મૂકતાં નિહારને કહ્યું, ''બસ બેટા, આ જ તારે જીવન માટે સમજવાનું છે કે જીવન એક રેતીનું ઘડિયાળ છે. તે જીવનમાં નવા બિઝનેસની શરૂઆત કરી છે. બિઝનેસ આગળ વધી રહ્યો છે પણ તે પણ તેની રીતે જ સમય પ્રમાણે ધીમે ધીમે આગળ વધશે. વિકાસ પામશે. વધુ ને વધુ સફળ થશે. જો તું એમ માને કે બહુ જ ઓછા સમયમાં બહુ જ ઝડપથી તું એકદમ સફળતાની ટોચ પર પહોંચી જાય, મોટા ઓર્ડર મળવા માંડે, બહુ મોટા મોટા બિઝનેસમેનોમાં તારી ગણતરી થવા માંડે, પણ દીકરા તેને સમય લાગશે. સમય આવે બધું જ થશે, બધું જ મળશે પણ તેના સાચા સમયે માટે ઉતાવળો ન થા... આકરો ન થા... તારી મહેનત ચાલુ રાખ, જીવનમાં તું આગળ વધી શકીશ તે નક્કી છે પણ તેના સમયે. માટે મહેનતની સાથે ધીરજ રાખવી પણ જરૂરી છે. આ જીવન રેતીની ઘડિયાળ જેવું જ છે.''પપ્પાની વાત નિહારના મનમાં ઊતરી ગઇ.

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

પેપર લીક અને જાહેર નૈતિકતાનું અર્થશાસ્ત્ર

હેર પરીક્ષાઓમાં વ્યાપેલી ગેરરીતિઓ સામેના યુવાઓના આક્રોશના સંદર્ભે સરકારે પબ્લિક એક્ઝામિનેશન્સ (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, ૨૦૨૪માં સુધારા કરી પરીક્ષામાં ગેરરીતિ સામેની જોગવાઇઓ વધુ સખત કરી છે. હવે તેમાં દસ વર્ષ સુધીની સજા, ભારે દંડ, સંપત્તિ જપ્ત કરવાની જોગવાઇ અને રદ થયેલી પરીક્ષાના ખર્ચની વસૂલાત જેવી કડક સજાઓનો સમાવેશ થાય છે. કડક સજાની જોગવાઇવાળા કાયદા પ્રશ્નો હલ મોટા ભાગે વ્યક્તિગત નૈતિક વર્તન સુધારવામાં શોધે છે. અલબત્ત એ જરૂરી પણ છે, પણ જો સમસ્યાના મૂળમાં એવી વ્યવસ્થા હોય જે પોતે જ અનૈતિક વર્તનને પ્રોત્સાહન આપતી હોય તો આવા કાયદા કેટલા પ્રમાણમાં સમસ્યાનું નિરાકરણ લાવી શકાશે એ અંગે ચર્ચા થવી જોઇએ.

જાહેર જીવનના નિયમો, નાગરિક જવાબદારી અને જાહેર નૈતિકતાને આકાર આપવામાં માત્ર સામાજિક કારણો જ નહિ પણ આર્થિક પ્રોત્સાહનો (Economic Incentives)ની પણ ભૂમિકા હોય છે. વ્યક્તિ માત્ર પોતાના ચારિત્ર્યના આધારે નિર્ણય લેતી નથી. તેના નિર્ણયો પર સરકાર અને સંસ્થાઓ પ્રત્યેનો વિશ્વાસ, વ્યવસ્થામાં રહેલાં પ્રોત્સાહનો અને બીજાં લોકો કેવી રીતે વર્તશે તેની અપેક્ષાનો પણ એટલો જ પ્રભાવ પડે છે. સામાન્ય રીતે મોટા ભાગનાં લોકો પ્રામાણિક રહેવા જ ઇચ્છતાં હોય છે, કારણ કે પ્રામાણિક રહેવું એ સૌને યોગ્ય છે. પરંતુ જ્યારે વ્યવસ્થા વારંવાર એવા સંકેત આપતી રહે કે અનૈતિક વર્તન કરનારને વધુ લાભ મળે છે અને ગેરરીતિ કરનારને અસરકારક રીતે સજા કરતી નથી ત્યારે આંતરિક નૈતિકતા ધીમે ધીમે આર્થિક ગણતરીમાં બદલાઇ જાય છે. પ્રશ્ન 'યોગ્ય શું છે?'માંથી બદલાઇને 'મારા માટે ફાયદાકારક શું છે?' એવો બની જાય છે. લોકો નૈતિક વર્તનથી દૂર થતાં જાય છે. આને 'જાહેર નૈતિકતાનો સ્થાનભ્રંશ' (Crowding Out of Public Morality) કહેવાય.

કહેવાની વાત

નેહા શાહ

પેપર લીક કરનાર અથવા ખરીદનાર માટે જોખમ ખૂબ ઓછું છે, કારણ કે પકડાઈ જવાની અને દોષિત ઠરવાની સંભાવના અત્યંત ઓછી દેખાય છે

પરીક્ષાની ગેરરીતિઓમાં આ જ દેખાય છે. સામાન્ય સંજોગોમાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ માને છે કે સફળતા મહેનતથી જ મળવી જોઇએ અને પેપર ખરીદવું કે નકલ કરવી ખોટું છે. જ્યાં સુધી પરીક્ષા વ્યવસ્થાની નિષ્પક્ષતા પર વિશ્વાસ રહે છે, ત્યાં સુધી પ્રામાણિક રહેવું નૈતિક પણ છે અને વ્યવહારુ પણ. પરંતુ જ્યારે વારંવાર પેપર ફૂટી જાય, તપાસ વર્ષો સુધી ચાલે, દોષિતો બચી જાય અને પ્રામાણિક વિદ્યાર્થીઓને પણ ફરી પરીક્ષા આપવી પડે, ત્યારે સમગ્ર સમીકરણ બદલાઇ જાય છે. વિદ્યાર્થી હવે એવો પ્રશ્ન પૂછતો નથી કે 'પેપર ખરીદવું ખોટું છે?' તે પૂછે છે-'જો બીજા બધાને પેપર મળી ગયું હોય, તો શું હું પ્રામાણિક રહીને પાછળ રહી જાઉં?' આ જ છે જાહેર નૈતિકતાનો સ્થાનભ્રંશ. અહીં પ્રામાણિકતાનું સ્થાન સ્વાર્થ લઈ લે છે. વ્યક્તિ અનૈતિક બનતી નથી; પરંતુ વ્યવસ્થા તેના માટે અનૈતિક નિર્ણયને વધુ લાભદાયક બનાવી દે છે. પેપર લીક કરનાર અથવા ખરીદનાર માટે જોખમ ખૂબ ઓછું છે, કારણ કે પકડાઈ જવાની અને દોષિત ઠરવાની સંભાવના અત્યંત ઓછી દેખાય છે. બીજી તરફ લાભ ખૂબ મોટો છે-સારી કોલેજમાં પ્રવેશ, સરકારી નોકરી અથવા વધુ સારી કારકિર્દી. જ્યારે લાભ વધુ અને જોખમ ઓછું હોય, ત્યારે અનૈતિક વર્તન આર્થિક રીતે આકર્ષક બની જાય છે. કાયદામાં સજા વધુ કડક બનાવવાનો હેતુ અનૈતિક વિકલ્પને નાણાંકીય તેમજ સામાજિક રીતે વધુ મોંઘો બનાવવાનો હોય જેથી વ્યક્તિ એને પસંદ કરતાં ખંચકાય. આવી જોગવાઇઓ બેશક જરૂરી છે. પણ અહીં ધારણા એવી છે કે ગુનો કર્યો એટલે સજા થવાની જ. હકીકત એ છે કે વ્યક્તિ અનૈતિક વિકલ્પની પસંદગી એટલા માટે કરે છે કે એને ખબર હોય છે કે પકડાવાની સંભાવના ઘણી ઓછી છે. જેમ હેલ્મેટ ના પહેરો તો દંડ કરવાનો કાયદો છે પણ તે મોટા ભાગનાં લોકોને હેલ્મેટ પહેરતાં કરી શક્યો નથી કારણકે એમને ખબર છે કે પોલીસ એમને રોકે એની સંભાવના જ ઓછી છે. એટલે કાયદાનું પાલન નહિ કરવાનું જોખમ લેવું પોસાય!!

પાછલાં વર્ષોમાં પરીક્ષાનાં પેપર ફૂટવાની એકથી વધુ ઘટના બની. અન્ય ગેરરીતિઓ પણ સામે આવી. પણ સંબંધિત મંત્રી એની જવાબદારી લે એટલા માટે દેશભરનાં લાખો યુવાનોએ સડકો પર આવવું પડ્યું, ઉપવાસ કરવા પડ્યા અને પોલીસની લાઠી પણ ખાવી પડી. વિદ્યાર્થીઓના આટલા આક્રોશ પછી પણ નેશનલ ટેસ્ટીંગ એજન્સી (એન.ટી.એ.)ના ચેરમેનને હજુ ઊની આંચ આવી નથી. એન.ટી.એ.નાં સિત્તેરથી વધુ કર્મચારીઓની ફરજમોકૂફીની જાહેરાત થઈ છે પણ તેઓ કોણ છે, તેમની સામે કયા આરોપ છે, પેપર લીક કરવામાં તેઓ કેટલી હદે સંકળાયેલાં હતાં એની વિગતો જાહેરમાં નથી. એટલે કોની સામે કયાં પગલાં લેવાયાં એ અંગે પારદર્શિતા નથી! સમસ્યા માત્ર એટલી નથી કે કેટલાંક વિદ્યાર્થીઓ કે અધિકારીઓ અનૈતિક વર્તન કરે છે કે પછી વર્તમાન કાયદો નબળો છે. ખરેખર સમસ્યા એ છે કે સમગ્ર વ્યવસ્થા એવી છે જેમાં અનૈતિક વર્તન લોકોને અયોગ્ય લાગતું નથી. લોકોને અનૈતિક વર્તન કરતાં રોકવા માટેના કાયદાકીય ઉપાયો પરની વિશ્વસનીયતા સાવ તળિયે જઈને બેઠી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ફીક્સ પગારની નીતિ સંપૂર્ણ નિષ્ફળ જવાબદાર કોણ?

૨૧ જ્યના એક જાગૃત કર્મીએ હારી-થાકીને દેશના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીને પત્ર લખ્યો છે કે દેશની સુપ્રિમ કોર્ટમાં ચાલતા ફીક્સ પગારની નીતિના કેસનો ઉકેલ લાવો. યાદ રહે, ગુજરાત હાઇકોર્ટે ગુજરાત સરકારની ત્રીજા અને ચોથા વર્ગના કર્મચારીઓ માટે 1998 પછી શરૂ કરવામાં આવેલી ફીક્સ પગારની નીતિ વિરુદ્ધ ચુકાદો આપ્યો હતો. ગુજરાત સરકાર આ ચુકાદા વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં ગઈ અને ત્યારથી આ કેસ ત્યાં જ છે! ચૌદ વર્ષ થયાં પણ તેમાં મુદ્દતો જ પડે છે.

ગુજરાતમાં 1996-97 ના સમયગાળામાં રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી હતી. મોટા પાયે પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવા માટે મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાની સરકારમાં 'બાલગુરુ' યોજના આવી જેમાં નોકરીના પ્રથમ બે વર્ષ (કે જે આમ પણ પ્રોબેશન જ ગણાય છે) બે હજાર રૂપિયા ફીક્સ પગાર મળશે અને બે વર્ષ પછી શિક્ષક કાયમી થઈ કરીને નિયમિત પગારધોરણ મેળવશે! (યાદ રહે, આ વર્ષમાં પ્રાથમિક શિક્ષકનો બેઝિક પગાર પણ 2000 જ હતો).

બે વર્ષ 2000 રૂપિયાની બાલગુરુ યોજનામાં હજારો પ્રાથમિક શિક્ષકની ભરતી થઈ, વળી આ યોજનામાં એક જમા પાસું એ પણ કે શાળામાં કાયમી શિક્ષક નિવૃત્ત થાય તો બાલગુરુ તરીકે લાગેલા શિક્ષક બે વર્ષ પૂરાં ન થયાં હોય તો પણ કાયમી શિક્ષક બની શકતા, પૂરો પગાર મેળવતા.

પણ, ગુજરાતમાં સત્તા પરિવર્તન થયું! ભાજપની પૂર્ણ બહુમતીની સરકાર આવી. શ્રીમતી આનંદીબહેન પટેલ શિક્ષણમંત્રી બન્યાં અને ફીક્સ પગારની નવી નીતિ જાહેર થઈ. હવેથી પ્રાથમિક શિક્ષકોને બે હજાર રૂપિયાને બદલે પચ્ચીસસો રૂપિયા પગાર મળશે પણ આ ફીક્સ પગાર બે વર્ષને બદલે પાંચ વર્ષ સુધી ફીક્સ રહેશે.

વળી, પ્રાથમિક શિક્ષકોની મોટા પાયે ભરતી કરવા શરૂ થયેલી ફીક્સ પગારની નીતિ થોડા સમયમાં વ્યાપક બની અને ગુજરાતમાં તમામ ત્રીજા અને ચોથા વર્ગનાં કર્મચારી માટે તે પચ્ચીસસોથી પીસ્તાલીસસોના ફીક્સ પગારમાં અમલી બની.

વ્યાપક બેકારી અને લાંબા સમયથી સરકારી ભરતી બંધ હોવાથી પીડિત યુવાનો 'પાંચ વર્ષે તો કાયમી થવાશે!' ની આશાએ આ 'સહાયક' યોજનામાં જોડાવા લાગ્યાં. આ તમામ સહાયકો નિઃસહાય હતાં!

1991 થી ફીક્સ પગારમાં લાગેલાં કર્મચારીઓની કમનસીબી માત્ર 'ફીક્સ પગાર' પૂરતી ન હતી.

વર્ષ 2005 ના એપ્રિલથી ભારત સરકારે નવી મૂલ્ય વર્ધિત પેન્શન યોજના NPS દાખલ કરી. જેમાં કર્મચારીને ફીક્સ, સુરક્ષિત પેન્શન મળવાનું ન હતું પણ નોકરી દરમ્યાન તેમણે આપેલા ફાળા મુજબ શેરબજારમાં મળેલા વળતર મુજબ પેન્શન મળવાનું હતું! એટલે વર્ષ 2005 પહેલાં જેઓ રોજે રોજે નોકરીમાં જોડાયાં તેઓ માટે આ આઘાતજનક હતું! કે તેમને જૂની પેન્શન યોજના મળવાની ન હતી!

વર્ષો ગયાં, ફીક્સ પગારનાં કર્મીઓ કાયમી થવા લાગ્યાં અને વર્ગ મોટો થયો! સંગઠિત થયો. પહેલાં એકલદોકલ પછી સામુહિક રીતે ફીક્સ પગારની નીતિ સામે વિરોધ શરૂ થયો અને અંતે કોર્ટમાં કેસ થયો. કેસ ચાલ્યો પણ 'સમાન કામ સમાન વેતન' અને પાંચ વર્ષ જેવા લાંબા સમય માટે સાવ પિસ્તાલીસસો રૂપિયા પગાર એ તો નીતિ નહીં અનીતિ કહેવાય! ગુજરાત હાઈકોર્ટે ગુજરાત સરકારની 'પાંચ વર્ષ ફીક્સ પગાર'ની નીતિ વિરુદ્ધમાં ચુકાદો આપ્યો!

પોતાની તરફેણમાં ચુકાદો આવે તો તરત વિજય સરઘસ કાઢતી સરકાર 'ફીક્સ પે' વિરુદ્ધ હાઈકોર્ટના ચુકાદામાં સુપ્રિમમાં ગઈ અને સ્ટે લીધો. પછી તો કેન્દ્રમાં પણ સત્તાપરિવર્તન થયું અને સુપ્રિમમાં 'તારીખ પે તારીખ' પડવા લાગી. છેલ્લા કેટલાક સમયથી તો આ કેસમાં 'સમય થંભી' ગયો છે!

આ ફીક્સ પગારની નીતિ આવી ક્યાંથી? શું તેના ઉદ્દેશો પૂરા થયા?

1991ના ખાનગીકરણ પછી એક હવા ચાલી સરકારી તંત્રને બોજારૂપ બનાવવા ગણવાની! પગાર અને પેન્શન બોજરૂપ છે! આ વાત ખૂબ સિસ્ટમથી સમાજમાં વહેતી થઈ! વળી સરકારમાં ત્રીજા અને ચોથા વર્ગનાં કર્મચારીની મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી પડી હતી!

ખાનગીકરણ અને ઉદારીકરણની આંતરરાષ્ટ્રીય સમજૂતીઓમાં એવું કહેવામાં આવ્યું હતું કે સરકારી ખર્ચમાં ઘટાડો કરવો! સરકારે તેના બિનઉત્પાદક ખર્ચ ઘટાડવા!

સરકારી બિનજરૂરી આર્થિક પ્રવૃત્તિઓ બંધ કરવી અને અર્થતંત્ર પરનાં નિયંત્રણ ઘટાડવાં!

સરકારે કરકસર અને બચતના રસ્તા બતાવવા કમીટી નીમી. આ સમિતિની વિવિધ ભલામણોમાં એક ભલામણ એ હતી કે ત્રીજા અને ચોથા વર્ગનાં કર્મચારીની મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી છે.

આ જગ્યાઓ સીધી જ ભરવામાં આવશે તો સરકારને ભારે બોજો પડશે માટે સરકાર આ જગ્યાઓ ભરે તો પાંચ વર્ષના ફીક્સ પગાર સાથે ભરે. તો પગાર ખર્ચમાં બચત થશે!

કમીટીનાં બીજાં સૂચનો એક બાજુ રહ્યાં અને આ સૂચનનો દેશભરનાં રાજ્યોમાં અમલ થયો! કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર હતી ત્યારે પણ રાજ્યની ભાજપ સરકારે આ નીતિ અમલમાં મૂકી! પણ શું બચત થઈ?

ના, કોર્ટ કેસના કારણે સૌ પ્રથમ તો સરકારે સ્વીકાર્યું કે આ સહાયક વર્ગ એ 'સવર્ગ' જ છે!

જેમ ત્રીજા, ચોથા વર્ગનો તેમ સહાયકની ના!

સ્વર્ણિમ ગુજરાત આવ્યું એટલે ફીક્સ પગારમાં વધારો થયો, જે હવે દર પાંચ વર્ષે વધી જ જાય છે! સરકારે ફીક્સ પગારનાં પાંચ વર્ષની નોકરી સળંગ ગણી ઉચ્ચતર પગાર ધોરણો પણ આપવાનું શરૂ કર્યું!

અને વર્ષ 2005 પહેલાંના ફીક્સ કર્મીઓને તો જૂની પેન્શન યોજના પણ આપી!

તો આમાં બચત ક્યાં થઈ? કેટલી થઈ? આથી ફીક્સ પગારની યોજના અતાર્કિક, અન્યાયી અને બિનઅસરકારક થઈ છે ત્યારે સરકાર પોતે જ તેને રદ કરી દે તો કેવું સારું?.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

વ્યાપક બેકારી અને લાંબા સમયથી સરકારી ભરતી બંધ હોવાથી પીડિત યુવાનો 'પાંચ વર્ષે તો કાયમી થવાશે!' ની આશાએ આ 'સહાયક' યોજનામાં જોડાવા લાગ્યાં

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

શબ્દોના-તીર

કુશળ તીરંદાજ જેમ ધારેલા નિશાન પર તીર (બાણ) મારીને શિકાર કરે છે, તેમ બંદૂકમાંથી નીકળેલી ગોળી પણ કોઈની હત્યા કરી શકે છે. એ જ રીતે મોઢામાંથી નીકળેલા શબ્દો પણ તીરની જેમ અલગ-અલગ અસર કરે છે. શબ્દોના તીર ક્યારેક વેધક હોય છે તો ક્યારેક મુલાયમ અને મધુર પણ હોય છે. જો કોઈ વ્યક્તિ સાથે કટુ ભાષામાં વાત કરવામાં આવે તો ઝઘડાનું સ્વરૂપ ઊભું થાય છે, જ્યારે શબ્દો મધુર અને મીઠા હોય તો બગડેલા સંબંધો પણ સુધરી જાય છે. કટુ વાણીમાંથી નીકળેલા શબ્દો સામેની વ્યક્તિને માનસિક રીતે ઘાયલ કરી દે છે. શબ્દોનું ખેડાણ કરીને સાહિત્યકારો અને નવલકથાકારો ઉત્કૃષ્ટ રચનાઓ સર્જે છે. કવિ, પત્રકાર અને સાહિત્યકાર સ્વર્ગસ્થ ભગવતીકુમાર શર્માજીની લેખનપ્રવૃત્તિમાં મૌલિકતા અને શાલીનતા જોવા મળતી હતી. શબ્દોનો સુંદર સમન્વય કરીને ગઝલકારો, શાયરો અને કવિઓ જે કૃતિઓ સર્જે છે, તેમાં સંવેદના અને વેદના - બંનેનું અસરકારક નિરૂપણ જોવા મળે છે. બેફામ શબ્દપ્રયોગ ઘણી વખત વાદ-વિવાદ અને વિખવાદને જન્મ આપે છે. વાટાઘાટો, સંધિ કરાર કે યુદ્ધવિરામ થવાને બદલે સામસામા હુમલા અને ડ્રોન દ્વારા તોડફોડ ચાલુ જ રહે છે. એવું લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પને વાટાઘાટોમાં ખાસ રસ નથી અને તેમની નજર હોર્મુઝની ખાડી જેવા વ્યૂહાત્મક તથા આર્થિક રીતે મહત્વપૂર્ણ વિસ્તાર પર છે. શબ્દોમાં શૂરાતન પણ છે અને સમાધાનની શક્તિ પણ સમાયેલી છે.

તરસાડા- પ્રવીણસિંહ મહીડા

ભારતના શિક્ષણનું કડવું સત્ય

દેશની શિક્ષણ વ્યવસ્થાને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. તાજેતરના નીતિ આયોગ અને UDISE+ના અહેવાલ મુજબ છેલ્લા દસ વર્ષમાં ભારતમાં આશરે 94 હજાર સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે, એટલે કે સરેરાશ દરરોજ 25 શાળાઓ બંધ થઈ રહી છે. બીજી તરફ, દેશભરમાં 1 લાખથી વધુ શાળાઓ એવી છે જ્યાં માત્ર એક જ શિક્ષક સમગ્ર શાળાનો ભાર સંભાળી રહ્યા છે.

શિક્ષણવિદોના જણાવ્યા અનુસાર એક જ શિક્ષક દ્વારા ધોરણ 1થી 8 સુધીના વિવિધ વિષયો ભણાવવા ઉપરાંત વહીવટી કામગીરી, મધ્યાહન ભોજનની દેખરેખ અને અન્ય જવાબદારીઓ નિભાવવી પડે છે. પરિણામે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ મળવામાં ગંભીર મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. દેશના અનેક રાજ્યોમાં આજે પણ હજારો શિક્ષકના પદો લાંબા સમયથી ખાલી છે. સમયસર ભરતી ન થતાં ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોની શાળાઓમાં શિક્ષકોની ભારે અછત સર્જાઈ છે. આ પરિસ્થિતિનો સીધો પ્રભાવ બાળકોના અભ્યાસ, શૈક્ષણિક ગુણવત્તા અને દેશના ભાવિ પર પડી રહ્યો છે.

શિક્ષણ કોઈપણ રાષ્ટ્રના વિકાસનો મજબૂત પાયો છે. તેથી કેન્દ્ર અને રાજ્ય સરકારોએ શિક્ષકોની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવી, એકલ-શિક્ષક શાળાઓની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવો અને સરકારી શાળાઓને વધુ મજબૂત બનાવવા માટે અસરકારક પગલાં ભરવા જરૂરી બન્યા છે. શિક્ષણમાં રોકાણ માત્ર ખર્ચ નથી, પરંતુ દેશના ઉજ્જવળ ભવિષ્યમાં કરવામાં આવતું સૌથી મહત્વપૂર્ણ રોકાણ છે.

સુરત - આશિષ ટેલર

અંધશ્રદ્ધા આ રીતે પણ કરાવે!

વર્તમાન સમયમાં 'સોશિયલ મીડિયા' એક અનિવાર્ય ટૂલ બની રહ્યું છે. અનેક પ્રકારના સંદેશાઓ ફેઇસબુક કે ઇન્સ્ટાગ્રામ કે વોટ્સઅપ દ્વારા વહેતા થાય છે. ક્યારેક અગત્યની માહિતી તો ક્યારેક મનોરંજન પણ માણવા અને જાણવા મળે! પરંતુ ક્યારેક અમુક સંદેશાઓ અંધશ્રદ્ધાને અનુમોદન આપતા હોય એવું લાગે! દા. ત. જો આ વાંચનાર વ્યક્તિ આ સંદેશો બીજા દસ વ્યક્તિને ન ફોરવર્ડ કરશે તો એનું અહિત થશે જે એણે વિચાર્યું પણ ન હશે! અરે, આવા તે કંઈ સંદેશા ફોરવર્ડ થતા હશે? અને એ સંદેશો પણ પ્રભુને સંલગ્ન હોય! પ્રભુ શા માટે વગર વાંકે કોઈનું અહિત કરે? જ્યારે પોસ્ટકાર્નો જમાનો હતો ત્યારે પણ અજ્ઞાત વ્યક્તિ પોસ્ટકાર્ડ દ્વારા આવા સમાચાર મોકલે કે આવા બીજા દસ વ્યક